ઉનાળામાં તળિયા ઝાટક થયેલો વાત્રક ડેમ છલોછલ, ૨ હજાર ક્યુસેક પાણી છોડાયું

અરવલ્લી જિલ્લામાં ભાદરવા મહિનાના અંતમાં મેઘરાજા હજુ પણ વરસી રહ્યા છે, ત્યારે જિલ્લાના તમામ જળાશયો છલકાઈ ગયા છે. અરવલ્લી જિલ્લાનો માઝૂમ, મેશ્વો તેમજ વાત્રક ડેમ છલોછલ થતાં ભૂમિપુત્રો ખુશખુશાલ થઇ ગયા છે. સિઝનમાં પ્રથમવાર વાત્રક ડેમ ભરાતા આસપાસના ખેડૂતોમાં ખુશી પ્રસરી છે. ઉનાળાની ઋતુમાં વાત્રક ડેમ તેર ટકા સુધી પહોંચી ગયો હતો, એટલે જળાશય તળિયા ઝાટક થતાં બાયડ તેમજ માલપુર તાલુકાના લોકોમાં ચિંતા પ્રસરી હતી, પણ હવે વાત્રક ડેમ પણ સો ટકા ભરાતા લોકોમાં ખુશી પ્રસરી છે. આજે વાત્રક ડેમમાં ભારે આવક થતાં બે હજાર ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું, વાત્રકની કુલ સપાટી ૧૩૬.૨૫ છે, જેનું રૂલ લેવલ જાળવવા માટે બે હજાર ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું. વાત્રક ડેમથી બાયડ, માલપુર અને ધનસુરા તાલુકાના ખેડૂતોને સિંચાઈ માટે સીધો ફાયદો થશે. વાત્રક ડેમમાંથી પાણી છોડાતા આસપાસના કોઝવે પરથી પાણી ફરી વળ્યા હતા. સિઝનમાં પ્રથમવાર પાણી છોડાતા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા.

પ્રાંતિજ બ્રહ્માણી માતાના મંદિર ખાતે પ્રથમ નોરતે ધજારોહણ કાર્યક્રમ યોજાયો

ગુજરાત સહિત સાબરકાંઠા જિલ્લામાં નવરાત્રીનો પ્રારંભ થઈ ચુક્યો છે, ત્યારે આજે પ્રાંતિજ ખાતે આવેલ સુપ્રસિધ્ધ શ્રી બ્રહ્માણી માતાના મંદિર ખાતે પ્રથમ નોરતે ધજારોહણ કાર્યક્રમ યોજાયો હતો. નવરાત્રીનો આજથી પ્રારંભ થઈ ચુક્યો છે ત્યારે પ્રાંતિજ ખાતે આવેલ સુપ્રસિધ્ધ શ્રી બ્રહ્માણી માતાના મંદિર ખાતે આજે વહેલી સવારે ધજારોહણ કાર્યક્રમ યોજાયો હતો જેમાં પ્રાંતિજ નગરપાલિકા પ્રમુખ ગીતાબેન પટેલના પરિવાર દ્વારા મંદિરમાં ચડાવવામાં આવતી ધજાઓનો લાભ લીધો હતો. મંદિરમાં આરતી પણ યોજાઈ હતી. પ્રથમ નોરતે વહેલી સવારથી જ પટેલ સમાજના ભાઈ બહેનો તથા માઈ ભક્તો મંદિર ખાતે ઉપસ્થિત રહ્યાં હતા અને પ્રથમ નોરતે માના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

વિદેશી વિદ્યાર્થીઓ ગુજરાતની યુનિ.માં શિક્ષા મેળવે તે ઉદેશ્ય : રૂપાણી

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ટેબલેટ વિતરણ કાર્યક્રમ : ૨૦૨૨ સુધી ૧૦ હજાર વિદેશી વિદ્યાર્થી ગુજરાતની જુદી જુદી યુનિવર્સિટીમાં શિક્ષા-દિક્ષા મેળવા તેવો હેતુ : રૂપાણી

અમદાવાદ, તા. ૨૯

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વિશ્વકક્ષાની શૈક્ષણિક સુવિધાઓ અને આંતર માળાખાકિય સવલતો ધરાવતી ગુજરાત રાજયની યુનિવર્સિટીઓમાં વિદેશોના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને અભ્યાસ માટે વધુ પ્રમાણમાં પ્રેરિત કરવા સ્ટડી ઈન ગુજરાત કેમ્પેઇન માટેની પ્રોત્સાહક પોલિસીની જાહેરાત કરી છે. રાજકોટમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના યુવા મહોત્સવનો પ્રારંભ અને ''નમો ઈ-ટેબલેટ''વિતરણ પ્રસંગે તેમણે આ મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી. વિજય રૂપાણીએ કહ્યું કે, ગુજરાતમાં ફોરેન્સિક સાયન્સ. પેટ્રોલિયમ યુનિવર્સિટી નિરમા યુનિવર્સિટી જેવી વિવિધ વર્લ્ડ ક્લાસ યુનિવર્સિટીઓમાં હાલ ૨૦૦૦ જેટલા વિદેશી વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ગુજરાતને ગ્લોબલ એજ્યુકેશન હબ બનાવવાની નેમ સાથે વધુ વિદેશી વિદ્યાર્થીઓને રાજયની અન્ય યુનિવર્સિટીઓમાં પણ ઉચ્ચ અભ્યાસ માટે વ્યાપક તક મળે અને પ્રવેશ પ્રક્રિયા સહિતની અન્ય જરૂરી પ્રક્રિયાઓમાં પણ સરળતા રહે દુવિધા ન પડે તે માટેના ચોક્કસ પગલાંઓ અને ધારા ધોરણો સાથે રાજ્ય સરકાર આ પ્રોત્સાહક પોલિસીને આગામી દિવસોમાં આખરી ઓપ આપવાની છે એમ તેમણે જણાવ્યું હતું. ગુજરાતમાં ૨૦૨૨ સુધીમાં આવા વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યા ૧૦ હજાર સુધી લઈ જવા સાથે વિશ્વના દેશોના વધુ ને વધુ વિદ્યાર્થીઓ ગુજરાતની ધરતી પર ઉચ્ચ શિક્ષા દીક્ષા માટે આવે તે માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે એમ પણ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કોલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવતા છાત્રોને ''નમો ઈ-ટેબલેટ''નું વિતરણ કર્યું હતું.

ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે કલા ઉત્સવ ઉજવાયો

જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય સે. ૭ ખાતે કલા ઉત્સવ યોજાયો હતો. જેમાં માધ્યમિક અને ઉચ્ચત્તર વિભાગની વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. જેમાં નિબંધ સ્પર્ધા, કાવ્યલેખન, વક્તૃત્વ અને ચિત્રસ્પર્ધા યોજાઈ હતી. નિબંધ સ્પર્ધામાં પ્રથમ ક્રમે અનીષા ચૌધરી અને ગાયત્રી પરમાર કાવ્ય લેખનમાં પ્રથમ ક્રમે આશિષ જાદવ અને જીયા ચૌધરી, વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમે પ્રાત્વી વાઘેશ્વરી અને જયદીપ પરમાર તથા ચિત્રસ્પર્ધામાં પ્રથમ ક્રમે તૃષા પરમાર તથા ઉજ્જવલ મેસરિયાએ મેળવ્યો હતો.

વડગામ ગેલેક્સી સ્કૂલની બાળાઓએ સાંસ્કૃતિ પ્રવૃતિઓ જિલ્લામાં ચોથીવાર મેદાન માર્યું

બાળાઓ રાજ્ય લેવલની ઝોન કક્ષામાં પ્રવેશ કરી શાળા અને તાલુકાનું નામ રોશન કરશે

વડગામ,

વડગામ તાલુકામાં આવેલી ગેલેક્સી સ્કૂલ ઓફ સાયન્સ સ્કૂલની બાળાઓએ સાંસ્કૃતિક પ્રવૃતિઓમાં જિલ્લામાં ચોથીવાર મેદાન મારી ગેલેક્સી સ્કુલ અને તાલુકાનું નામ રોશન કર્યું છે જેને લઈને શાળા પરિવારમાં આનંદ છવાયો છે. ગેલેક્સી સ્કૂલની બાળાઓ રાજ્ય

લેવલની સાંસ્કૃતિક ઝોન કક્ષામાં પ્રવેશ કરી શાળા અને પરિવારનું નામ રોશન કરશે તેમ સ્કુલના પ્રિન્સિપાલ કાનજીભાઈ ચોધરી જણાવ્યું હતું.

તાજેતરમાં રતનપુરની ગાંધીવાદી સંસ્થા લોકનિકેતનમાં યુવા મહોત્સવમાં લોકનૃત્યનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વડગામ તાલુકાની ગેલેક્ષી સ્કૂલ ઓફ સાયન્સની વિધાર્થીનીઓએ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ પર્ફોર્મન્સ આપી સતત ચોથી વખત જિલ્લામાં મેદાન મારીને શાળા પરીવાર સાથે તાલુકા નું નામ રોશન કરી બતાવ્યું છે. હાલમાં આ લોક નૃત્યોનો સંબંધ સામાજિક ઉત્સવ સાથે જેટલો સંકળાયેલો છે તેટલો જ લોકજીવનની ધાર્મિક પરંપરાની સાથે પણ જોડાયેલો છે. ત્યારે નૃત્યમાં વડગામની ગેલેક્સી સ્કૂલની બાળાઓએ જાણે માસ્ટરી મેળવી લીધી છે. અને શાળાનું બ્રાન્ડ લોકનૃત્ય બની ગયું છે અને એટલે તો આં બાળાઓ એ જિલ્લામાં સતત ચાર-ચાર વખત ટોચનું સ્થાન પોતાનું પ્રભુત્વ જાળવી રાખ્યું છે. જાળવી રાખ્યું છે. ત્યારે આં લોક નૃત્ય ટો ખરા અર્થમાં સૌરાષ્ટ્રની રળિયામણી ધરતી સાથે આવેલા ચોરવાડ પંથકમાં રહીને કાળી મજૂરી કરનારી કોળણ અને ખારવણ બહેનોનું શ્રમહારી નૃત્ય છે. અને સંગીત અને નૃત્ય દ્વારા કઠિન પરિશ્રમને હળવોફૂલ બનાવી દેવાની લોકનારીની કોઠાસૂઝમાંથી કળામય ટિપ્પણી નૃત્ય જન્મ્યું છે, એમ કહી શકાય છે. પણ આજે તો સમાજજીવનમાંથી ટિપ્પણી નૃત્યનો યુગ પણ આથમી ગયો હોય તેવું જણાઈ રહ્યું છે.ત્યારે ગેલેક્સી સ્કૂલની બાળાઓ એ સાસ્કૃતિક નૃત્યના જીવિત રાખ્યું છે. ત્યારે ગેલેક્સી સ્કૂલ ના પ્રિન્સીપાલ કાનજીભાઈ ચોધરી એ જણાવ્યું હતું કે આ બાળાઓ રાજ્ય લેવલની ઝોન કક્ષામાં પ્રવેશ કરશે અને આ ચાર ઝોનમાંથી પ્રથમ ક્રમાંક મેળવનાર રાજ્ય લેવલે પ્રવેશ કરશે. ત્યારે અમારી સ્કૂલની બાળાઓ આવીજ રીતે ઉતરો ઉત્તર પ્રગતિ કરે અને સ્કુલ,તાલુકો,અને ગામનું નામ રોશન કરે તેવા અભિનંદન પાઠવ્યા હતા.

મોડાસાના ફરેડીથી સુરજપુર ગામ સુધી રોડના અભાવે કાદવ ખૂંદતા પ્રજાજનો

આજે દેશને આઝાદ થયાને સાત દાયકા થવા આવ્યા છતાં ક્યાંકને ક્યાંક ખૂણે ખાંચરે હજુ પૂરતો વિકાસ થયો નથી. સરકાર મેગાસિટી અને શહેરીકરણના વિકાસ માટે આંધળી દોટ મૂકી રહી છે અને શહેરોને જાજરમાન બનાવવા નાણાંની કોથળી ખુલ્લી મૂકી દે છે. બીજી બાજુ ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રાન્ટના અભાવે પાયાગત સુવિધાથી વંચિત રહ્યા છે. અરવલ્લી જીલ્લાના અંતરિયાળ અનેક ગ્રામ્ય વિસ્તારો પીવાના પાણી, વીજળી અને પાકા રસ્તા માટે વલખા મારી રહ્યા છે. આઝાદીના ૭૨ વર્ષ પછી પણ મોડાસાના ફરેડી ગામથી સુરજપુર ગામ સુધી જોડાતો પાકો રસ્તો ન હોવાથી ચોમાસામાં પ્રજાજનોએ ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. મોડાસા તાલુકા અને માલપુર તાલુકાને જોડાતો ત્રણ કિલોમીટર રોડ મેટલીંગ કરી મૂકી રાખવામાં આવતા ચોમાસામાં વરસાદ પડતાની સાથે ત્રણ કીમીનો માર્ગ કાદવ-કીચડમાં ફેરવતા અહીંથી પસાર થતા વાહનચાલકો અને રાહદારીઓને પારાવાર મુશ્કેલીનો સામનો કરી પાણી-કાદવ કીચડ વચ્ચેથી મહામુશ્કેલીથી પસાર થવું પડે છે. ફરેડીથી સુરજપુર સુધીનો ત્રણ કિલોમીટર રસ્તો ડામર રોડ બનાવવા માટે અનેકવાર રાજકીય અગ્રણીઓ, અધિકારીઓ અને પદાધિકારીઓને વારંવાર મૌખિક રજુઆત કરવા છતાં રોડ બનાવવામાં કોઈ નક્કર કામગીરી ન થતા ગ્રામજનોમાં ભારે નિરાશા પ્રવર્તી રહી છે.

મોડાસાના સીતપુર (મુખીના મુવાડા) ગામે પોલીસના વર્તનથી હોબાળો

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જીલ્લામાં ખાખી વર્દીને લાંછન લગાડતી અનેક ઘટનાઓ બની રહી છે. જીલ્લાના ગ્રામ્ય વિસ્તારો અને શહેરી વિસ્તારોમાં દેશી-વિદેશી દારૂની રેલમછેલ જોવા મળી રહી છે. મોડાસા તાલુકાના સીતપુર (મુખીના મુવાડા) ગામે ૧૧૨ પોલીસવાન પહોંચી દેશી દારૂના અડ્ડા બતાવો કહી કેટલાક ગ્રામજનો બિભસ્ત વર્તન કરતા ગ્રામજનોએ એકઠા થઈ ''પોલીસ રક્ષા માટે છે કે ગાળો કાઢવા માટે કહી'' હોબાળો મચાવતા ક્ષોભજનક સ્થિતિમાં મુકાયેલી પોલીસ પ્રજાજનોનો ગુસ્સો જોઈ રવાના થઈ ગઈ હતી.

અરવલ્લી જીલ્લામાં બુટલેગરો બેફામ બન્યા છે. જીલ્લા પોલીસતંત્રમાં ફરજ બજાવતા કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓની બુટલેગરો સાથેની ભાઈબંધી જગજાહેર છે. ૧૧૨ પોલીસવાનમાં ફરજ બજાવતા કર્મચારીઓ દેશી દારૂના અડ્ડા ચલાવતા બુટલેગરોને શોધખોળમાં સીતપુર (મુખીના મુવાડા) ગામે પહોંચેલી પોલીસે પોલીસવાનમાં રહેલા પોલીસકર્મીએ ગ્રામજનો સાથે બિભસ્ત ભાષા વાપરી દારૂના અડ્ડા અંગે પૂછપરછ કરતા પોલીસકર્મીના વર્તનથી સમસમી ઉઠેલા ગ્રામજનો એકઠા થઈ હોબાળો મચાવી પોલીસકર્મીઓને ગેરવર્તણૂક કરી હોવા અંગેનો આક્ષેપ કરી પોલીસવાન સાથે વિડીયો ઉતારી સોશ્યલ મીડિયામાં વાઈરલ કર્યો હતો.

સીતપુર (મુખીના મુવાડા) ગામે ૧૧૨ પોલીસવાનના કર્મીની દાદાગીરી અને બિભસ્ત વર્તનથી ક્ષોભજનક સ્થિતિમાં મુકાયેલા અન્ય પોલીસકર્મીઓએ ગ્રામજનોએ મચાવેલા હોબાળાને શાંત પાડવાની સાથે દારૂના અડ્ડાની શોધખોળ પડતી મૂકી ગામ છોડવાની નોબત આવી હતી. પોલીસ ગ્રામજનોનો ગુસ્સો જોઈ બચાવ મુદ્રામાં આવી ગઈ હોવાનો વિડીયો શોશ્યલ મીડિયામાં વાઈરલ થયો હતો.

ભાંગરોડીયામા ''શહીદ જવાન નર બંકા''ને ગ્રામજનોની શ્રધ્ધાંજલિ

વડગામ તાલુકાના ભાંગરોડીયા ગામમાં સમગ્ર ગ્રામજનો દ્વારા રાત્રીના સમયે હાથમા મીણબત્તી સળગાવીને માર્ગ અકસ્માતમાં 'શહીદ જવાન નર બંકા' ને શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. વડગામ તાલુકાના ભાંગરોડીયા ગામના ફલજીભાઈ સરદારભાઈ પટેલ સી.આર.પી.એફ. બટાલીયનમાં ફરજ બજાવતા હતા. જેમનુ ગુરુવારના નાગપુર નજીક માર્ગ અકસ્માતમાં મોત થયું હતું. જેના મૃતદેહને શુક્રવારના બપોરના સી.આર.પી.એફ.ના જવાનો સાથે માદરે વતન લાવીને ગાર્ડ ઓફ ઓનર આપીને માનભેર અંતીમક્રીયા કરાઈ હતી. ગામમા શોકની કાલિમા છવાઈ હતી. રાત્રીના સમયે ભાંગરોડીયામાં ગામના ચોરા વચ્ચે શ્રધ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો હતો જેમાં ગામના યુવાનો, વડીલો મહીલાઓ, બાળકો સાથે હાથમાં મીણબત્તી જલાવીને 'શહીદ નર બંકા' ફલજીભાઈ પટેલને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

નવરાત્રીનો પ્રારંભ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આશાબેન સરવૈયા, મનોજ શુક્લ, ડો રાજેશ શાહ, નિમેષ રાવલ, પંકજ દેસાઈ, મુંજાલ રાવલ, જયેશ પંચોલી, ભાવિન પટેલ સહીત મોટી સંખ્યામાં ઉપસ્થિત સભ્યો તેમજ સેકટરવાસીઓ અને ભાવિકોની હાજરીમાં આ ભવ્ય શોભાયાત્રા જયઅંબેના જયઘોષ સાથે આગળ વધી હતી. વાદળિયા વાતાવરણ વચ્ચે ઝરમર વરસતા મેઘરાજાએ પણ માતાજીના રથ પર હેત વરસાવ્યુ હતુ. જય અંબેના જયઘોષ સાથે માતાજીના દિવ્ય રથના પ્રસ્થાન બાદ શોભાયાત્રા સેકટર ૧૩ ના રૂટમાં આગળ વધી હતી. સેકટરવાસીઓએ માતાજી પર ફુલોની વર્ષા કરી ઓવારણા લીધા હતા. સે-૧૩ માં થી શોભાયાત્રા ડી જે ની સુરાવલી વચ્ચે આગળ વધી સે-૧૨ માં પહોંચી હતી. ત્યારબાદ આંતરિક માર્ગો પર આગળ વધીને શોભાયાત્રા સે-૫માં પહોંચી હતી. જયાં માતાજીની આરતી અને પુજા કરીને પ્રસાદનુ વિતરણ કરાયુ હતુ. શોભાયાત્રામાં ટ્રેડિશ્નલ વસ્ત્રોમાં સજ્જ ખૈલૈયાઓએ ઠેર ઠેર ગરબાની રમઝટ જમાવી હતી. સેકટરોના આંતરિક માર્ગો પર ભાવિકોએ મોટી સંખ્યામાં પુજા આરતી કરી માતાજીના દિવ્ય રથનુ સ્વાગત કર્યુ હતુ. ભવ્ય અને દિવ્ય શોભાયાત્રાના આગમનની વાટ નિહાળતા ભાવિકોએ સેકટરોમાં શોભાયાત્રાને વધાવી હતી. માતાજીના દર્શન માટે મહીલાઓની વિશેષ ભીડ જામી હતી.શોભાયાત્રા સે-૩ અને સે-૨ , સે-૭ અને સે-૮ માં થઈને આગળ વધતા ભાવિકોનો ઉત્સાહ બેવડાયો હતો. વાદળિયા વાતાવરણ વચ્ચે સેકટરોમાં ખૈલેયાઓએ ગરબાની રમઝટ જમાવી હતી. નવરાતના પ્રથમ દિવસે માતાજીની દિવ્ય જયોત સાથે વિવિધ સ્વરૂપોની આ યાત્રા નગરજનો માટે આસ્થાની સાથે આકર્ષણનુ કેન્દ્ર બની હતી. સેકટરોમાં ફરીને શોભાયાત્રા સે-૧૧ સ્થિત કલ્ચરલ ફોરમના આંગણે પહોંચી હતી જયાં ચાંચર ચોકમાં માતાજીની પવિત્ર જયોતનુ પુજા અર્ચના સાથે સ્થાપન કરવામાં આવ્યુ હતુ. આ વેળાએ ખૈલેયાઓ ઉત્સાહભેર ગરબે ઘુમ્યા હતા.

વરસાદી ઝાપટા

● અનુસંધાન પહેલાનું ચાલુ

થઈ છે. નવરાતના પ્રથમ દિવસે પણ આકાશમાં વરસાદી વાદળોનુ સામ્રાજય રહેતા રાત્રિના સમયે ગરબાના આયોજન મામલે પણ આયોજકો અસમંજસની સ્થિતિમાં મુકાયા હતા. બપોરના વરસાદી ઝાપટા બાદ વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી છાંટણા યથાવત રહ્યા હતા. સાંજના સમયે પણ વરસાદી છાંટણા પડતા ગરબા મેદાનમાં સતત ભીંજારાનો માહોલ જોવા મળ્યો હતો. જયારે કેટલાક સેકટરોમાં માતાજીની આરતી કરીને જ પ્રથમ નોરતાની ઉજવણી કરવામાં આવી હતી. વરસાદી વિઘ્ન વચ્ચે મેદાનમાં કાદવ કિચ્ચડ થતા ગરબાની રમઝટ જામી ન હતી. રાત્રિના સમયે પણ વરસાદી વાદળો ગોરંભાયેલા રહ્યા હતા. જયારે વરસાદી છાટણા પણ વરસ્યા હતા. જેથી નવરાત મહાત્સવમાં ગરબે ઘુમવા ઉત્સુક ખૈલૈયાઓમાં પણ નારાજગી વ્યાપી હતી. સતત વરસાદી માહોલથી સેકટરામાં નિચાણવાળા વિસ્તાર ઉપરાંત કોમન પ્લોટમાં વરસાદી પાણી ભરાઈ ગયા છે. સેકટરોમાં ગંદકી ખદબદતી જોવા મળી રહી છે. ગરબા રસિકો સહીત નગરજનો હવે મેઘરાજા માનભરે વિદાય લે તેની વાટે છે.

પ્રતિબંધ

● અનુસંધાન પહેલાનું ચાલુ

દિલ્હીના લોકોને સસ્તા દરે ડુંગળીનો જથ્થો પહોંચડવામાં આવી રહ્યો છે. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે શનિવારના દિવસે સચિવાલયમાંથી મોબાઈલ વેનને લીલીઝંડી આપી હતી. દિલ્હીમાં ૭૦ મોબાઈલ વેન સાથે રેશનિંગની ૪૦૦ દુકાનોમાંથી ડુંગળીનો જથ્થો આપવામાં આવી રહ્યો છે. નાગપુરમાંથી પણ ડુંગળીનો જથ્થો પહોંચાડવામાં આવી રહ્યો છે. છેલ્લા થોડા દિવસોમાં ડુંગળીના ભાવમાં ૩૦%નો વધારો થયો છે. આ અંગે ડાયરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ જે કોમર્સ મિનિસ્ટ્રીનો એક ભાગ છે તેણે એક નોટીફીકેશન બહાર પાડ્યું હતું. અને તાત્કાલિક ધોરણે ડુંગળીની તમામ જાતોની નિકાસ કરવા પર પ્રતિબંધ લગાવ્યો છે. ઉલ્લેખનીય છે કે ડીજીએફટીએ ડુંગળીની મિનિમમ એક્સપોર્ટ પ્રાઈસને ઘટાડીને તા.૧૩ સપ્ટેમ્બરે ૮૫૦ પ્રતિ ટન કરી હતી. જેથી કરીને ડુંગળીનું એક્સપોર્ટ ઓછું થાય અને વધતા જતા ઘરેલું ભાવ નિયંત્રણમાં આવે. એમઈપી નીચેનો દર છે, તેની પર નિકાસને પરવાનગી નથી. મહારાષ્ટ્રમાં પુરના કારણે ડુંગળીના ભાવ દિલ્હી સહિતના દેશના અન્ય ભાગોમા પ્રતિ કિલો ૬૦-૮૦ રૂપિયા થયો છે. પુરના કારણે મહારાષ્ટ્ર સહિતના ડુંગળીનું મોટા પ્રમાણમાં ઉત્પાદન કરતા રાજયમાંથી આવતા પુરવઠાને અસર થઈ છે. ડુંગળીના ભાવને નિયંત્રણમાં લેવા માટે અને ગ્રાહકોને રાહત થાય તે માટે કેન્દ્ર સરકારે દેશમાં ડુંગળીનો ૫૦,૦૦૦ ટન બફર સ્ટોક ઠાલવ્યો છે.

જળબંબાકાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

કહ્યું છે કે, આવી સ્થિતિ કોઈના પણ હાથમાં નથી. આ કુદરતી હોનારત છે અને સ્થિતિને પહોંચી વળવા પ્રયાસ કરી રહ્યા છે. સતત ભારે વરસાદના કારણે જનજીવન ખોરવાયેલું છે. પટણામાં લોકોના ઘરોમાં પાણી ઘુસી ગયા છે. હાલત એટલી ખરાબ થઈ છે કે,પટણાના પોશ ગળાતા વિસ્તારમાં હોળીઓ ચાલી રહી છે. બોટ ફરતી થઈ ગઈ છે. મુખ્યમંત્રી નિતિસ કુમારનું કહેવુ છે કે, રાજ્ય વહીવટી તંત્ર સંપૂર્ણ પણે સજ્જ છે અને કામગીરીમાં લાગેલું છે. હવામાન વિભાગના કહેવા મુજબ ૧૫ જિલ્લામાં રેડ એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. કારણ બિલકુલ સ્પષ્ટ છે કે, હજુ પણ સ્થિતિ બેકાબુ બની શકે છે. પટણાના અનેક વિસ્તારોમાં આઠ ફુટ સુધીના પાણી ભરાઈ ગયા છે. ગાડીઓ ડુબી ગઈ છે. બચાવ અને રાહતકામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. ગંગા અને ગંડક નદીમાં પાણીની સપાટી ભયજનક સ્તર પર પહોંચી ગઈ છે. રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં સ્કુલો અને કોલેજોને બંધ રાખવાની ફરજ પડી રહી છે. લોકોના કમર સુધી પાણી ભરાઈ ગયા છે. બીજી બાજુ મુશ્કેલમાં મુકાયેલા લોકોને સુરક્ષિત રીતે અન્યત્ર ખસેડવાનો પ્રયાસ કરવામાં આવી રહી છે.

મોદીની અપીલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

દુર્ગાપૂજા, દશેરા, દીવાળી, ભાઈબીજ, છઠપૂજા, અનેક તહેવારો ઉજવીશું. તમને બધાને આવનારા તહેવારો માટે ખુબ શુભેચ્છાઓ. નવરાત્રિની સાથે જ આજથી તહેવારોનો માહોલ એકવાર ફરીથી નવી ઉમંગ, નવી ઉર્જા, નવો ઉત્સાહ, નવો સંકલ્પથી ભરાઈ જશે.

પોતાના સંબોધનમાં પીએમ મોદીએ કહ્યું હતું કે, તહેવારોનો સાચો આનંદ ત્યારે જ આવે જ્યારે આ અંધારું દૂર થાય, પ્રકાશ ફેલાય. જ્યાં ખુશીઓનો અભાવ છે ત્યાં આપણે ખુશીઓ વહેંચીએ તે આપણો સ્વભાવ બને. સામાન્ય રીતે આપણા ઘરોમાં જે વસ્તુઓ વધુ પ્રમાણમાં હોય તેને બીજા જરૂરિયાતવાળાઓને વહેંચી દેવી જોઈએ.વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, એકબાજુ કેટલાક ઘરો જ્યાં રોશનીથી ઝગમગ થાય છે ત્યાં બીજી બાજુ તેની જ સામે કેટલાક લોકોના ઘરોમાં અંધારું હોય છે. કેટલાક ઘરોમાં મીઠાઈ ખરાબ થઈ રહી છે તો કેટલાક ઘરોમાં બાળકો મીઠાઈ માટે તરસે છે. પીએમ મોદીએ કહ્યું હતું કે, આ વખતે તહેવારોની સીઝનમાં પૂરી જાગરૂકતા અને સંકલ્પની સાથે આ દીવા હેઠળ અંધારાને દૂર કરી શકીએ? અનેક ગરીબ પરિવારોના ચહેરા પર મુસ્કાન, તહેવારો પર તમારી ખુશીઓને બેવડી કરી દેશે અને તમારી દીવાળી વધુ ઝગમગ થશે.